બિન સરકારી અનુદાન પાત્ર કોલેજોમાં
અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 14 NOV 2011

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૨/૪/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૦૫/૩૨૪૭/ખ

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૪/૯/૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ

સુધારા ઠરાવઃ-

ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ(૧) પરના વિભાગના તા.૧૨/૪/૨૦૦૬ ના ઠરાવથી રાજયની વિવિધ યુનિવર્સિટીઓ સાથે રાજય સરકારની અનુદાન મેળવતી કોલેજોમાં જુદા જુદા વિષયના કેટલાક ખંડ સમયના વ્યાખ્યાતાઓને પૂર્ણ સમયના વ્યાખ્યાતાની જગ્યા પર ભરતી વખતે તેમણે બજાવેલી ખંડ સમયની સેવા અને અનુભવને આધારે પસંદગીમાં અગ્રતા મળે તે માટે (ભારાંક) વેઇટેજ આપવા નકકી થયેલ છે. વિભાગના તા.૧૪/૯/૨૦૧૧ના ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ(૨) ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી પ્રક્રિયા નકકી થયેલ છે. તેમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(૧) જે પાર્ટ ટાઇમ વ્યાખ્યાતા યુ.જીસી. પ્રમાણે પૂર્ણ સમયના વ્યાખ્યાતા માટેની તમામ શૈક્ષણિક લાયકાતો ધરાવતા હશે તેને જ પૂર્ણ સમયની જગ્યા પર ભરતી વખતે ભારાંક ગુણનો લાભ મળશે.

(૨) જે પાર્ટ ટાઇમ વ્યાખ્યાતાઓએ બે વર્ષ સુધી કામગીરી બજાવી હોય તેને જ આ લાભ મળશે.

(૩) વધુમાં વધુ ૧૫ ભારાંકગુણ મળવાપાત્ર થશે. આ ભારાંકગુણ માટે ૬ થી ઓછા લેકચરર માટે પ્રતિવર્ષ અડધોગુણ અને ૬ થી ૧૨ લેકચરર માટે પ્રતિવર્ષ ૧(એક) ગુણ ગણવાનો રહેશે.

(૪) ખંડ સમયના અધ્યાપકોને વિભાગના તા.૧૪/૯/૨૦૧૧ના ઠરાવ મુજબની ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવા કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીએ પુરતી તક



Scanned by CamScanner

આપવાની રહેશે અને જરુર જણાયે લાયકાત ધરાવતા તમામ ખંડ સમયના અધ્યાપકો ઉમેદવારી કરી શકે તે હેતુથી અરજી કરવાની તારીખ પણ લંબાવવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( નિકુંજ જાની )
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ર્ડા. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી,-૧ (ઓડિટ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
- એકાઉન્ટ જનરલશ્રી-૨) એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીવરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ગૌરીશંકર લેઇક રોડ, યુનિવર્સિટી કેમ્પસ, ભાવનગર
- રજીસ્ટ્રારશ્રી, ર્ડા. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, કાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા, કચ્છ યુનિવર્સિટી, મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ.
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ,
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને બી.એડ કોલેજ, ગુજરાત રાજય, ગાંધીનગર (ઉ.શિ.કમિ.શ્રીની કચેરી મારફત)
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઇટ પર મુકવા સારુ.
- સિલેકટ ફાઇલ-ખ-શાખા.



Scanned by CamScanner